# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

સત્યમેવ જયતે

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Email*suratdeo@gmail.com, Web – deosurat.org***


જા.નં.મા-૨/૨૦૨૫/ ૧૦૨૭૮ તા.૨૫/૦૮/૨૦૨૫

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત, જિ.સુરત.

<u>**વિષય**</u>:- શાળામાં બાળકો માટે સલામતીની વ્યવસ્થા રાખવા બાબત

<u>**સંદર્ભ**</u> :- સ્કૂલ સેફટી પોલીસી ૨૦૧૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની સલામતી અને સુરક્ષા બાબતે શાળાએ જરૂરી પગલા લેવાના રહેશે. જે અન્વયે દરેક શાળામાં શિસ્ત સમિતિની રચના કરવી. આ સમિતિની સંખ્યા વિદ્યાર્થીઓની સંખ્યાને આધીન રાખવાની રહેશે. આ શિસ્ત સમિતિમાં શાળાના આચાર્યશ્રી, શિક્ષકશ્રી અને વિદ્યાર્થી/વર્ગના મોનીટર/જી.એસ. સભ્ય રહેશે. આ સમિતિ દ્વારા સમગ્ર શાળા પરિસરમાં, રિશેષ સમયે રમત-ગમતના મેદાનમાં અને શાળામાં આવવા-જવાના સમયે સલામતી જાળવવાની કાર્યવાહી કરવાની રહેશે તેમજ શિક્ષકની ગેરહાજરી સબબ વિદ્યાર્થીઓ વર્ગખંડમાં એકલા બેસી ન રહેતા તેઓને સહઅભ્યાસિક પ્રવૃતિમાં જોડવાના રહેશે. આમ વિદ્યાર્થીઓ નિર્ભયપૂર્ણ વાતાવરણમાં શિક્ષણકાર્ય મેળવે તેવી વ્યવસ્થા કરવાની રહેશે. શાળાના આચાર્યશ્રી અને શિક્ષકશ્રીની નૈતિક ફરજના ભાગરૂપ શાળામાં આવનાર બાળકની સલામતી જાળવવા પ્રાથમિકતા આપવાની રહેશે.

વધુંમાં જણાવવાનું કે શાળા કક્ષાએ વિદ્યાર્થીઓની સલામતી અને શિસ્ત વિષયક અનિચ્છનિય ઘટના ન બને તે જોવાની જવાબદારી શાળાના આચાર્ય અને શિક્ષકોની રહેશે. સમયાંતરે વિદ્યાર્થીઓના સ્કૂલ બેગની આકસ્મિક ચકાસણી પણ કરવાની રહેશે તથા બાળકો શાળાએ આવે તે પહેલા વાલીઓને વિદ્યાર્થીઓના બેગની ચકાસણી કરી શાળાએ મોકલવા તેવી સૂચના વાલીમીટીંગમાં આપવાની રહેશે તેમજ શાળામાં બનતી અસાધારણ ઘટનાની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે અને યોગ્ય પગલાં સત્વરે લેવાના રહેશે. સદર સૂચનાનું પાલન અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની તમામ શાળાઓએ ચૂસ્તપણે કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત